# દારૂબંધી વચ્ચે વર્ષોથી 'ઝેર'નો કારોબાર

**૧૯૭૭ના** અમદાવાદથી ૨૦૨૬ના ભાવનગર સુધી લઠ્ઠાકાંડનાં વણઝાર, સેંકડો નિર્દોષોના મોત છતાં કેમિકલ માફિયા બેફામ

ગાંધીનગર : ગુજરાતમાં દારૂબંધીના કડક અમલના દાવાઓ વચ્ચે ઝેરી દારૂના કારણે નિર્દોષોના મોતનો સિલસિલો દાયકાઓથી અટક્યો નથી. ૧૯૭૭ના અમદાવાદના સારંગપુર-દૌલતખાનાથી શરૂ થયેલી લઠ્ઠાકાંડની કાળી યાદો હવે ૨૦૨૬ના ભાવનગરના ખરકડી સુધી આવી પહોંચી છે. ચાર દાયકાથી વધુના સમયગાળામાં અમદાવાદ, વડોદરા, સુત્રાપાડા, સુરત અને બોટાદ-બરવાળા સહિતના વિસ્તારોમાં સર્જાયેલા મોટા લઠ્ઠાકાંડમાં સૈંકડો લોકોનાં મોત થયાં છે.



## અમદાવાદનો લઠ્ઠાકાંડ ગુજરાતનો સૌથી ભયાનક

ત્યારબાદ જુલાઈ ૨૦૦૯નો અમદાવાદ લઠ્ઠાકાંડ ગુજરાતના સૌથી ભયાનક લઠ્ઠાકાંડ પૈકીનો એક બની રહ્યો. ઓઢવ, બાપુનગર, કાગડાપીઠ સહિતના વિસ્તારોમાં મિથેનોલ મિશ્રિત ઝેરી દારૂના સેવનથી મોટી સંખ્યામાં લોકો બીમાર પડ્યા હતા. ઉપલબ્ધ અદાલતી તથા અન્ય રેકોર્ડ મુજબ આ ઘટનામાં મૃત્યુઆંક ૧૪૭થી ૧૫૬ વચ્ચે દર્શાવવામાં આવ્યો છે, જ્યારે ૨૦૦થી વધુ લોકો ગંભીર રીતે અસરગ્રસ્ત થયાની વિગતો મળે છે. આ ઘટનાની તપાસ માટે રાજ્ય સરકારે નિવૃત્ત ન્યાયમૂર્તિ કે.એમ. મહેતાના અધ્યક્ષપદે તપાસ પંચ રચ્યું હતું. પંચને ઝેરી દારૂથી થયેલા મૃત્યુ, દારૂબંધીના અમલમાં પોલીસની કામગીરી તથા આવી ઘટનાઓ અટકાવવાના ઉપાયો અંગે તપાસ સોંપવામાં આવી હતી.

### દેશી દારૂ

**દેશી દારૂબનાવટ:** ગોળ, પાણી અને ફળો કે ફૂલોને સડાવીને (આથો લાવીને) કુદરતી રીતે બને છે. તે પ્રમાણમાં પરંપરાગત પ્રક્રિયાથી બનેલો દેશી મદ્યપાન પદાર્થ છે
શરીર માટે નુકસાનકારક તો છે, પણ તે સીધો ઝેરી રાસાયણિક પદાર્થ નથી હોતો.

VS

### લઠ્ઠો

**લઠ્ઠો (ઝેરી દારૂ)બનાવટ:** દેશી દારૂને વધુ નશીલો કે ઝડપી બનાવવા તેમાં યુરિયા ખાતર, ઓક્સીટોસિન, બેટરીનું પાણી કે હાનિકારક કેમિકલ ઉમેરીને બનાવવામાં આવે છે.
તે નકલી અને ખતરનાક રીતે તૈયાર કરેલો ઝેરી પ્રવાહી છે. મિથેનોલ કે ઝેરી રસાયણો હોવાથી પી તરત જ આંખની રોશની જવી, અંગો બગડવા અને વ્યક્તિનું મૃત્યુ નિશ્ચિત બને છે.

### ગુજરાતમાં અત્યાર સુધીમાં નોંધાયેલા મોટા લઠ્ઠાકાંડ

- **૧૯૭૭માં** અમદાવાદના સારંગપુર-દૌલતખાના વિસ્તારમાં ૧૦૧ લોકોનાં મોત થયાં હતાં
- **૧૯૮૯માં** વડોદરામાં થયેલા લઠ્ઠાકાંડમાં ૧૩૨ લોકોનાં મોત થયાં હતાં.
- **૧૯૯૦માં** જૂનાગઢના સુત્રાપાડા વિસ્તારમાં ઝેરી દારૂથી ૧૭થી ૨૨ લોકોનાં મોત થયાં હતાં
- **૨૦૦૯માં** અમદાવાદના ઓઢવ, બાપુનગર અને કાગડાપીઠ સહિતના વિસ્તારોમાં સર્જાયેલા લઠ્ઠાકાંડમાં વિવિધ અદાલતી અને સરકારી રેકોર્ડ મુજબ ૧૪૭થી ૧૫૬ લોકોનાં મોત થયાં હતાં.
- **૨૦૧૬માં** સુરતના વરેલી અને આસપાસના વિસ્તારમાં ઝેરી કેમિકલયુક્ત દારૂના કારણે ૨૩ લોકોનાં મોત થયાં હતાં.
- **૨૦૨૨માં** બોટાદ-બરવાળા અને અમદાવાદ જિલ્લાના ધંધુકા પંથકમાં મિથાઈલ આલ્કોહોલયુક્ત ઝેરી પ્રવાહી પીવાથી ૪૨ લોકોનાં મોત થયાં હતાં. હવે
- **૨૦૨૬માં** ભાવનગરના ઘોઘા તાલુકાના ખરકડી ગામે કથિત નકલી વિદેશી દારૂમાં ઝેરી રસાયણની ભેળસેળથી છ લોકોનાં મોત થતાં

### પંચો રચાયા, પણ 'ઝેર'નો વેપાર ન અટક્યો

- ૧૯૭૭ના અમદાવાદ લઠ્ઠાકાંડ બાદ તપાસ પંચ રચાયો હતો.
- ૧૯૮૯ના વડોદરા લઠ્ઠાકાંડની તપાસ નિવૃત્ત ન્યાયમૂર્તિ એ.એ. ડેવના અધ્યક્ષપદે રચાયેલા પંચે કરી હતી.
- ૨૦૦૯ના અમદાવાદ લઠ્ઠાકાંડ બાદ નિવૃત્ત ન્યાયમૂર્તિ કે.એમ. મહેતાના અધ્યક્ષપદે તપાસ પંચ રચાયું હતું અને ગુજરાત હાઈકોર્ટના રેકોર્ડમાં આ ઘટનામાં ૧૫૬ લોકોનાં મોતનો ઉલ્લેખ મળે છે.
- ૨૦૧૬ના સુરત-વરેલી કાંડમાં સરકારે ત્રણ સભ્યોની તપાસ સમિતિ બનાવી હતી, પોલીસના ઉચ્ચ અધિકારીઓની બદલી કરવામાં આવી હતી અને એટીએસને તપાસ સોંપવામાં આવી હતી.
- ૨૦૨૨ના બોટાદ-બરવાળા કાંડમાં ૪૨ લોકોનાં મોત બાદ પણ વિશેષ તપાસની કાર્યવાહી હાથ ધરાઈ હતી.

વાગરાના કોલીયાદ ગામથી કામરેજના આખાખોલ ગામ સુધીની

# ગેસ પાઇપલાઇન સામે વિરોધ નોંધાવવા 23મીએ ખેડૂતોની બેઠક

**ભરૂચથી** સુરતના કામરેજ સુધી 27 ગામમાંથી ટોરેન્ટ પાવરની ગેસ પાઇપલાઇન પસાર થશે

**સુરત** અને ભરૂચ જિલ્લાના અસરગ્રસ્ત ખેડૂતો ઓલપાડના ભાદોલમાં બેઠક કરશે

સુરતઃ વાગરાના કોલીયાદ ગામથી કામરેજના આખાખોલ ગામ સુધી ટોરેન્ટ પાવર લિમિટેડ (સુજેન) દ્વારા ગેસ પાઇપલાઇન નાંખવા માટે જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. આ પાઇપલાઇન ભરૂચ અને સુરત જિલ્લાના વિવિધ તાલુકાનાં કુલ 27 જેટલાં ગામમાંથી પસાર થવાની હોવાથી જમીન માલિકો અને ખેડૂતોમાં આ અંગે ચર્ચા શરૂ થઈ છે.

દક્ષિણ ગુજરાત ખેડૂત સમાજના પ્રમુખ રમેશભાઈ આઈ. પટેલ (ઓરમા) દ્વારા જણાવાયું છે કે, પાઇપલાઇન જે ગામોમાંથી પસાર થવાની છે ત્યાંના ખેડૂતોના વાંધા-વિરોધ અને રજૂઆતો અંગે ચર્ચા કરવા માટે બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. ભરૂચ જિલ્લાનાં 18 ગામ પાઇપલાઇનના રૂટમાં જાહેર થયેલી વિગતો મુજબ ભરૂચના વાગરાના કોલીયાદ અને કલાદરા ગામમાંથી પાઇપલાઇન પસાર થશે. જ્યારે ભરૂચ તાલુકાના કેસરોલ, એકસાલ, કાસવા અને ભાડભૂત ગામનો પણ રૂટમાં સમાવેશ થાય છે. ભરૂચ જિલ્લાનાં 18 ગામના ખેડૂતો પાઇપલાઇનના રૂટમાં અસરગ્રસ્ત થાય છે.

અંકલેશ્વરનાં ધંતુરિયા, માટીએડ, સરથાણ, મોટવાણ અને સીસોદરા તથા હાંસોટના મોઠિયા, કઠોદરા, પંડવાઈ, ડુંગરા અને પાંજરોલી ગામમાંથી પણ પાઇપલાઇન પસાર થવાની છે. સુરત જિલ્લાના ઓલપાડ અને કામરેજ તાલુકાનાં 11 ગામનો અસરગ્રસ્ત ગામો તરીકે સમાવેશ થાય છે.

ઓલપાડના અણીતા, બોલાવ, મુળદ, સ્યાદલા, કારેલી અને કુડસદ ગામો પણ પ્રસ્તાવિત પાઇપલાઇનના માર્ગમાં આવે છે. ઉપરાંત કામરેજ તાલુકાના ઘલુડી, અંત્રોલી, થારોલી, નવી પારડી અને આખાખોલ ગામમાંથી પાઇપલાઇન પસાર થવાની છે.

રમેશભાઈ પટેલ (ઓરમા) એ વધુમાં જણાવ્યું હતું કે, પાઇપલાઇન માટે પ્રસિદ્ધ થયેલા જાહેરનામા સંદર્ભે ખેડૂતોના વાંધા-વિરોધ, જમીન સંબંધિત પ્રશ્નો તથા આગામી કાર્યવાહી અંગે ચર્ચા કરવા 23 ઓગસ્ટ, 2026ના રવિવારે બપોરે 3 વાગ્યે ઓલપાડના ભાદોલ ખાતે આવેલા આનંદ આશ્રમમાં બેઠક યોજાશે. દક્ષિણ ગુજરાત ખેડૂત સમાજ દ્વારા પાઇપલાઇનના રૂટમાં આવતાં તમામ ગામોના ખેડૂતો અને અસરગ્રસ્ત જમીનમાલિકોને બેઠકમાં ઉપસ્થિત રહી પોતાના પ્રશ્નો અને વાંધાઓ અંગે ચર્ચા કરવા અપીલ કરવામાં આવી છે.

ખેડૂત સમાજના પ્રમુખ રમેશભાઈ આઈ.પટેલે કહ્યું હતું કે, પાઇપલાઇનથી અસરગ્રસ્ત થનારા ખેડૂતોના પ્રશ્નો, વાંધા-વિરોધ અને હક્કોના મુદ્દે બેઠકમાં ચર્ચા કરી આગળની કાર્યવાહી અંગે નિર્ણય લેવામાં આવશે.

# ઝેન-જીથી ફફડેલા ભાજપે સુરત APMCમાં યુવા ચેરમેન મૂક્યા!

**ધારાસભ્ય** સંદીપ પટેલ પ્રમુખની રેસમાંથી ખસી જતાં ભાજપે અંકુર પટેલના નામનું મેન્ડેટ આપ્યું

**અંકુલ** પટેલ કોસાડના વતની અને કોસાડ મંડળીના ડિરેક્ટર અને પુરુષોત્તમ ફાર્મસમાં ઉપપ્રમુખ છે



સુરતઃ રાજ્યની સૌથી સમૃદ્ધ બજાર સમિતિઓમાંની એક સુરત એપીએમસીના નવા પ્રમુખ તરીકે યુવા અંકુર પટેલની વરણી કરવામાં આવી છે. એપીએમસીમાં હોદ્દાઓ માટે ભાજપ દ્વારા મેન્ડેટનો માર્ગ અપનાવવામાં આવ્યો હતો અને આજે સવારે ભાજપના નિરીક્ષક હેમાલી બોઘાવાલાએ અંકુર પટેલનું નામ જાહેર કર્યું હતું. અંકુર પટેલ કોસાડ મંડળીના ડિરેક્ટર છે. સ્કાયલેબની જેમ પ્રમુખ પદે જાહેર થયેલા અંકુર પટેલ માજી મંત્રી અને ઓલપાડના ધારાસભ્ય મુકેશ પટેલની નજીક ગણાય છે. અંકુર પટેલની નિયુક્તિના નિર્ણયને ધારાસભ્યો મુકેશ પટેલ અને સંદીપ દેસાઈએ આવકાર આપ્યો હતો. કોંક્રોચ જનતા પાર્ટીના આંદોલન પછી ભાજપે યુવા નેતૃત્વનો પ્રયોગ શરૂ કર્યો છે. એમાં મૂળ કોસાડના વતની અને કણબી પટેલ સમાજમાંથી આવતા અંકુર પટેલની લોટરી લાગી ગઈ છે.તેઓ પુરૂષોત્તમ ફાર્મસમાં પણ ઉપપ્રમુખ તરીકે કાર્યરત છે. વર્તમાન પ્રમુખ તથા ચોર્યાસી વિધાનસભાના ધારાસભ્ય સંદીપ દેસાઈ પ્રમુખપદની રેસમાંથી સ્વેચ્છાએ બહાર રહેવાની જાહેરાતને પગલે અઢી વર્ષની મુદત માટે પ્રમુખ પદની ચૂંટણી યોજવા બોર્ડ ઓફ ડિરેક્ટર્સ ની મિટિંગ બોલાવવામાં આવી હતી. ભાજપે છેલ્લા 6 વર્ષથી શરૂ કરેલી પરંપરા મુજબ અંકુર પટેલના નામનો મેન્ડેટ જાહેર કરવામાં આવ્યો હતો. નવાઈની વાત એ રહી કે, ગુજરાતની કુલ 224 APMC માં 35 થી વધુ એપીએમસીમાં આવક ઝીરો હોવાથી કર્મચારીઓના પગાર ચૂકવવાના પણ ફાંફાં પડી રહ્યા છે.આ એપીએમસીઓએ રાજ્ય સરકારની ગ્રાંટ પર નિર્ભર છે. ત્યારે સુરત એપીએમસી.એ ત્રીજા વર્ષે ટર્ન ઓવર અને આવકના માપદંડમાં પ્રથમ ક્રમ મેળવ્યો છે.

# લઠ્ઠાકાંડમાં મૃત્યુઆંક ૮ થયો : ૩૧ સારવાર હેઠળ

**બેદરકારી** બદલ એલસીબી-વરતેજ પીઆઈ સહિત ૭ પોલીસકર્મી સસ્પેન્ડ

ગાંધીનગરઃ ભાવનગર જિલ્લામાં નકલી દારૂના સેવનથી સર્જાયેલા લઠ્ઠાકાંડમાં મૃત્યુઆંક વધીને ૮ થયો છે, જ્યારે ૩૧ લોકો હજુ વિવિધ હોસ્પિટલોમાં સારવાર હેઠળ છે. સમગ્ર પ્રકરણની ગંભીરતાને પગલે રાજ્ય પોલીસ વડાના આદેશથી તપાસ સ્ટેટ મોનિટરિંગ સેલને સોંપવામાં આવી છે. કેસમાં અત્યાર સુધી ઝડપાયેલા ૧૩ આરોપીઓના 10 દિવસના રિમાન્ડ મેળવવામાં આવ્યા છે. બીજી તરફ ફરજમાં બેદરકારી બદલ ભાવનગર જિલ્લા એલસીબીના પોલીસ ઈન્સ્પેક્ટર અને વરતેજ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર સહિત પોલીસ અધિકારીઓ-કર્મચારીઓ સામે સસ્પેન્શનની કાર્યવાહી કરવામાં આવી છે.

### તપાસનો ધમધમાટ હવે એસએમસીના હાથમાં

રાજ્ય પોલીસ વડાના આદેશથી સમગ્ર કેસની ઊંડાણપૂર્વકની તપાસ સ્ટેટ મોનિટરિંગ સેલને સોંપવામાં આવી છે. ભરતનગર અને વરતેજ પોલીસ સ્ટેશન ખાતે ગુના સંદર્ભે કાયદેસરની કાર્યવાહી શરૂ કરી તપાસ હાથ ધરવામાં આવી છે. અત્યાર સુધીમાં ઝડપાયેલા ૧૩ જેટલા આરોપીઓના રિમાન્ડ મેળવવાની પ્રક્રિયા પણ ચાલી રહી છે.

### વરતેજના ડી-સ્ટાફના 3 કર્મી પણ સસ્પેન્ડ

ભાવનગર જિલ્લા પોલીસ અધિક્ષક દ્વારા વરતેજ પોલીસ સ્ટેશનના ડી-સ્ટાફના ત્રણ કર્મચારીઓ અને સ્થાનિક બીટ જમાદારને પણ તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત નીલમબાગ પોલીસ સ્ટેશનના એક મહિલા જમાદાર સામે પણ સસ્પેન્શનની કાર્યવાહી કરવામાં આવી છે. લઠ્ઠાકાંડની તપાસ આગળ વધે તેમ બેદરકારી કે જવાબદારી નક્કી થાય તેવા અન્ય પોલીસ અધિકારી-કર્મચારીઓ સામે પણ કાર્યવાહી થવાની શક્યતા છે.

### મુખ્ય સુત્રધાર રઈસ ઈન્દોરથી પકડાયો, કુલ 13ની ધરપકડ

ગાંધીનગરઃ સ્ટેટ મોનિટરિંગ સેલ, તથા લોકલ ક્રાઈમ બ્રાંચએ અત્યાર સુધીમાં 21 શખ્સો સામે ગુનો નોંધ્યો છે. જેમાથી 13 આરોપીની ધરપકડ કરવામાં આવી છે. કૌભાંડના મુખ્ય સૂત્રધાર રઈસને એસએમસીની ટીમે મધ્યપ્રદેશના ઈન્દોરથી ઝડપી પાડ્યો હોવાનું સામે આવ્યું છે. આ ઉપરાંત વરતેજ વિસ્તારમાંથી વધુ 6 શખ્સોને અટકાયતમાં મોડી રાત સુધી પોલીસે બૂટલેગરોના સંભવિત ઠેકાણાઓ પર સર્ચ ઓપરેશન હાથ ધરી તપાસનો દોર લંબાવ્યો હતો.

### ઇથેનોલ-મિથેનોલના મિશ્રણથી દારૂ બન્યો

ગાંધીનગરઃ દારૂનું સેવન કરનારા વ્યક્તિના લોહીના નમૂનાની એફએસએલ તપાસમાં મિથેનોલ મળી આવતા નકલી દારૂ બનાવવામાં ઇથેનોલ અને મિથેનોલનું મિશ્રણ કરવામાં આવતું હોવાનું બહાર આવ્યું છે. સ્ટેટ મોનિટરિંગ સેલના એસપી મયુરસિંહ ચાવડાએ જણાવ્યું હતું કે મુખ્ય સૂત્રધાર મનાતા રઈસની પ્રાથમિક પૂછપરછમાં તે છેલ્લા દોઢ મહિનાથી ભાવનગર સહિતના વિસ્તારોમાં રહી નકલી દારૂ બનાવવાની પ્રવૃત્તિ કરતો હોવાનો ખુલાસો થયો છે. રઈસ સાથે ગૌતમ અને સારસ નામના શખ્સો પણ આ ગેરકાયદે પ્રવૃત્તિમાં સંડોવાયેલા હોવાનું તપાસમાં સામે આવ્યું છે. નકલી દારૂનું ઉત્પાદન ગૌતમના ઘરે કરવામાં આવતું હોવાની પણ માહિતી મળી છે. દારૂ તૈયાર કર્યા બાદ તેને બજારમાં અસલી દેખાડવા માટે સ્ટીકર પણ નકલી હોવાનું સામે આવ્યું છે.

### નકલી દારૂ બનાવનારે જ પહેલા પીધો હતો, મૃતદેહ મધ્યપ્રદેશ લઈ જવાયો

તપાસ મુજબ, નકલી દારૂ બનાવવામાં સંડોવાયેલા નરેન્દ્રએ પ્રથમ પોતે જ તૈયાર કરાયેલો દારૂ પીધો હતો. દારૂ પીધા બાદ તેનું મૃત્યુ થયું હોવાનું જાણવા મળ્યું છે. જોકે, નરેન્દ્રના પરિવારજનો તેનો મૃતદેહ મધ્યપ્રદેશ લઈ ગયા હોવાનું સામે આવતા હવે પોલીસ આ મામલે પણ તપાસ કરી રહી છે. નરેન્દ્રનો મૃતદેહ હોસ્પિટલમાંથી પરિવારજનોને કેવી રીતે અને કોના કહેવાથી સોંપવામાં આવ્યો હતો તે અંગે પણ તપાસ શરૂ કરવામાં આવી છે. દારૂમાં મિથેનોલ મળી આવ્યાની એફએસએલ તપાસ બાદ હવે સમગ્ર કૌભાંડમાં ઉપયોગમાં લેવાયેલા કાચા મટીરિયલ, દારૂ બનાવવાની પદ્ધતિ, સ્ટીકર તૈયાર કરનારાઓ, દારૂના ખરીદદાર, વિતરણ નેટવર્ક સુધી એસએમસી દ્વારા તપાસ તેજ કરાઈ છે.

## અનુસંધાન... પાના છેલ્લાનું

### રેલવે સ્ટેશન...

કર્યા છે. જાહેર સ્થળો પર પાન-માવો ખાઈને ગમે ત્યાં થૂંકવા અને ગંદકી કરવાના મામલે સુરતીઓ સમગ્ર પશ્ચિમ રેલવે સેન્ટ્રલમાં પ્રથમ ક્રમાંકે આવ્યા છે.

### અગાઉ સુરત...

પણ ગંદકી તો યથાવત જ હતી. કયા સંજોગોમાં સુરત રેલવે સ્ટેશનને પ્રથમ નંબર આપવામાં આવ્યો તો તે તેને નં.1 કહેનારા જ જાણે પરંતુ હાલમાં જે રીતે કેગના રિપોર્ટમાં સુરત રેલવે સ્ટેશનને સૌથી ગંદુ સ્ટેશન બતાવવામાં આવ્યું છે તેણે રેલવે તંત્રની સચ્ચાઈ બહાર લાવી દીધી છે. જે સમયે સ્વચ્છતામાં અગ્રક્રમ આપવામાં આવ્યો ત્યારે પણ સુરત રેલવે સ્ટેશન પર ગંદકી હતી અને આજે પણ છે. ફરક એટલો એ છે કે ત્યારે સત્યનો સ્વીકાર કરાયો નહોતો અને સ્વચ્છતામાં અગ્ર બતાવાયું હતું. જ્યારે હાલમાં સત્યનો સ્વીકાર કરાયો છે. જોકે, તે પણ કેગ દ્વારા કરાયો છે. સરકાર સ્વીકાર કરે તે ખરૂં...'

### આખરે...

મંગાયો છે. આ કાર્યવાહી આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાની કડક સૂચના બાદ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવી છે. સરકારી મેડિકલ કોલેજ, સુરતના માઇક્રોબાયોલોજી વિભાગમાં પ્રથમ વર્ષના રેસિડેન્ટ તરીકે ફરજ બજાવતા ડો. હર્ષ પંડ્યા રેગિંગનો ભોગ બન્યા હોવાની અત્યંત ગંભીર ઘટના સામે આવ્યા બાદ સમગ્ર તબીબી શિક્ષણ વ્યવસ્થા પર સવાલો ઊભા થયા હતા. ખાસ કરીને રેગિંગ જેવી ઘટનાઓને રોકવા માટે જવાબદાર તંત્ર અને અધિકારીઓએ પોતાની ફરજ યોગ્ય રીતે નિભાવી કે નહીં તે મુદ્દે તપાસ અને કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાની સૂચના મુજબ ઘટનાને અટકાવવામાં થયેલી ગંભીર બેદરકારીને ધ્યાનમાં રાખીને સંબંધિત પ્રાધ્યાપક સામે શિક્ષાત્મક પગલું લેવામાં આવ્યું છે. ડો. સુમૈયા મુલ્લાને 90 દિવસ માટે સેવામાંથી ફરજમોકૂફ કરવામાં આવ્યા છે. બીજી તરફ ડીન ડો.જયેશ બ્રહ્મભટ્ટને કારણદર્શન નોટિસ આપી તેમનો ખુલાસો મંગાયો છે.

### લેખિત મંજૂરી...

ધંધો પણ કરી શકશે નહીં. જો નિર્ધારિત શરતોનો ભંગ કરવામાં આવશે તો તેમને મળવાપાત્ર નિર્વાહ ભથ્થું અટકાવવાની સાથે વધુ કડક શિસ્તવિષયક કાર્યવાહી પણ હાથ ધરવામાં આવશે.

### મહિને 15...

ટેક્સ નોટિસ મળી ત્યારે તેમના પગ તળેથી જમીન સરકી ગઈ હતી. તપાસ કરતા માલૂમ પડ્યું કે વર્ષ 2012-13માં સુરતના મહિધરપુરા વિસ્તારમાં આવેલી ડાયમંડ કંપની રૂપ રજત ડાયમંડ પ્રાઈવેટ લિમિટેડના નામે કરોડો રૂપિયાના નાણાકીય વ્યવહારો થયા હતા. આવકવેરા વિભાગે અગાઉ કંપનીના સરનામે અનેક નોટિસો મોકલી હતી, પરંતુ તે બધી જ પરત આવતી હતી. આથી વિભાગે કંપનીના ચોપડે નોંધાયેલા ડિરેક્ટરોની શોધખોળ શરૂ કરી નોટિસ પાઠવી હતી, જેમાં એક ડિરેક્ટર તરીકે અજમેરના આ ટેલરનું નામ બહાર આવ્યું હતું.આ સમગ્ર કૌભાંડમાં કાગળ પર જે સરનામું દર્શાવવામાં આવ્યું હતું તે મહિધરપુરાની ગુંદી શેરીનું હતું. જોકે, સ્થળ પર તપાસ કરતા ત્યાં કોઈ ડાયમંડ કંપની અસ્તિત્વમાં જ નહોતી પરંતુ સામાન્ય રહેણાંક ઘર હતું. આના પરથી આખી કંપની જ બોગસ અને શેલ કંપની હોવાનું સ્પષ્ટ થઈ ગયું છે.

### દરજીએ...

ફરિયાદ નોંધાવી હતી. નોટિસનો જવાબ આપતા તેમણે પોતાની નિર્દોષતા અને પોલીસ ફરિયાદની નકલ સાથે સુરત આવકવેરા વિભાગને ઓનલાઈન જવાબ મોકલી આપ્યો છે. હવે સુરત આવકવેરા વિભાગ આ પુરાવાઓના આધારે આગળની તપાસ હાથ ધરશે.

### ભાવનગરનો...

હોસ્પિટલમાં ખસેડાયો હતો. હાલ યુવક છેલ્લા બે-ત્રણ દિવસથી બેભાન અવસ્થામાં સારવાર હેઠળ હોવાનું જાણવા મળ્યું છે.

મળતી માહિતી મુજબ, સંજયસિંહે 16 ઓગસ્ટની રાત્રે ભાવનગર ખાતે દારૂ પીધો હતો અને 17 ઓગસ્ટની સવારે તે સુરત આવ્યો હતો. સુરત પહોંચ્યા બાદ જ તેની તબિયત લથડવા લાગી હતી. શરૂઆતમાં તેની આંખો બંધ થઈ ગઈ હતી. ત્યારબાદ તબીબોએ વિવિધ તપાસ અને રિપોર્ટ કરાવ્યા હતા. દરમિયાન તેની સ્થિતિ વધુ ગંભીર બની હતી અને તેને ગંભીર એટેક આવતાં તે બેભાન થઈ ગયો હતો. યુવકની તબિયત સુધરતી ન હોવાથી અલગ-અલગ તબીબોની સલાહ મુજબ વિવિધ રિપોર્ટ કરવામાં આવ્યા હતા. દારૂના સેવનને ધ્યાનમાં રાખીને કરવામાં આવેલા એક રિપોર્ટમાં ઈથેનોલ-મિથેનોલ પોઈઝનની અસર હોવાનો રિપોર્ટ આવ્યો હોવાનું સૂત્રોમાંથી જાણવા મળ્યું છે. દારૂ પીધાના અંદાજે 8થી 10 કલાકમાં જ તેની તબિયત લથડી હોવાનું પણ જાણવા મળ્યું છે.

### હાલ મગજ...

પરિવારજનોએ સંજયસિંહે દારૂ પીધો ન હોવાનું જણાવી આ મામલે વધુ માહિતી આપવાનો ઇનકાર કર્યો છે. પરિવાર તરફથી આ અંગે કોઈ સત્તાવાર નિવેદન આપવામાં આવ્યું નથી.

### કયા ઝોનમાં...

**ઉધના-એઃ** 1. શિવમ ફાસ્ટ ફૂડ/સાંઇ સૃષ્ટિ એપાર્ટમેન્ટ પાસે, ભેસ્તાન ગામ, ઉધના સુરત, 2. પિયુષ પોઈન્ટ હોટેલ/પિયુષ પોઈન્ટ, ચીકુવાડી મેન રોડ પાંડેસરા-હાઉસિંગ ઉધના, સુરત **અઠવા ઝોનઃ** 1. ચૂલે કા ડોસા, ઘોડદોડ રોડ, 2. હોટેલ મહારાજા, અલથાણ

### સ્કૂલે જતી...

મારતાં ગંભીર ઈજાઓ થઈ હતી.

મળતી માહિતી મુજબ, અલથાણ-ભીમરાડ વિસ્તારમાં ઈકોપાર્ક સાઈડ બિલ્ડિંગમાં પુત્ર સાથે રહેતા વિનીતાબેન મનોજકુમાર શાહ પીપલોદ ખાતે આવેલી લાન્સર્સ આર્મી સ્કૂલમાં શિક્ષિકા તરીકે ફરજ બજાવતા હતા. તેમને સંતાનમાં બે પુત્ર અને એક પુત્રી છે. આજે સવારે વિનીતાબેન નિત્યક્રમ મુજબ મોપેડ લઈને સ્કૂલે જવા નીકળ્યા હતા. દરમિયાન તેઓ એસ.ડી. જૈન સ્કૂલ ચાર રસ્તા પાસેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે ઈકો કારચાલકે તેમના મોપેડને ટક્કર મારી હતી. અકસ્માતમાં વિનીતાબેનને ગંભીર ઈજાઓ પહોંચતાં તેમનું મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ થતાં વેસુ પોલીસ સ્થળ પર પહોંચી હતી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી વધુ તપાસ હાથ ધરી છે.

### સડેલો, વાસી,...

વિગતો બહાર આવવા પામી છે. જે જે રેસ્ટોરન્ટને નોટિસ આપવામાં આવી છે તે તમામ રેસ્ટોરન્ટમાં એક્સપાયરી ડેટનો ખાદ્યપદાર્થ વપરાતો હતો, ખોરાક ખુલ્લો રખાતો હતો, ખાદ્યપદાર્થની ગુણવત્તા નબળી હતી, પંજાબી શાકની ગ્રેવી અઠવાડિયાથી બનાવી રખાતી હતીથી માંડીને ખાદ્યપદાર્થોમાં ફુગ લાગેલી પણ જોવા મળી હતી. સુરત મનપાના આરોગ્ય વિભાગે સતત ત્રીજા દિવસે પણ આખા શહેરમાં સઘન ચેકિંગ ઝુંબેશકરી 280 હોટલ, રેસ્ટોરન્ટ અને ઢાબામાં તપાસ કરી હતી. તપાસ દરમિયાન કિચનની અસ્વચ્છતા અને વાસી ખાદ્યસામગ્રી જેવી ગંભીર ખામીઓ સામે આવતા તંત્ર દ્વારા 1413 કિલો અખાદ્ય ખોરાકનો જથ્થો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો. તેમજ આરોગ્યના નિયમોનો ભંગ કરનારા 14 એકમોને હાલ તુરંત સીલ મારી બંધ કરાવાયા હતા અને 154 સંસ્થાઓને કારણદર્શક નોટિસ ફટકારી કુલ રૂ. 4.69 લાખનો વહીવટી ખર્ચ વસૂલવામાં આવ્યો હતો.ચેકિંગ દરમિયાન પાલિકાની ટીમો દ્વારા હોટલ-રેસ્ટોરન્ટમાં વપરાતા પનીર, ચીઝ, બટર, છાશ સહિતની ડેરી પ્રોડક્ટ્સ અને એડિબલ ઓઈલની ગુણવત્તા, ફૂડ હેન્ડલર્સના મેડિકલ ફિટનેસ તથા પેસ્ટ કંટ્રોલ સર્ટિફિકેટની ચકાસણી કરવામાં આવી હતી. આ ઝુંબેશ દરમિયાન ખાદ્યપદાર્થોની ચકાસણી અર્થે 13 ફોર્મલ અને 21 ઈન્ફોર્મલ મળી કુલ 34 સેમ્પલ લેવામાં આવ્યા હતા, જે પૃથક્કરણ માટે પબ્લિક હેલ્થ લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે.

### હોટલોમાં...

એક સાથે બનાવીલેવાઈ હતી

- સંગ્રહ કરેલા ખોરાક અને ખોરાક માટે વપરાતી ચીજ-વસ્તુઓમાં ફુગ અને સડો જોવા મળ્યો
- મોટા ભાગના રેસ્ટેરન્ટમાં નિયમ મુજબ અલગ અલગ ચાર ડસ્ટબિન રખાઈ નહોતી
- સામાન્ય વાતાવારણમાં બગડી જતી દુધ અને દુધની બનાવટો ખુલ્લામાં જ રખાયેલી હતી
- પનીર-ચીઝ વગેરે ધારા-ધોરણ મુજબના નહોતા

### ચેકિંગમાં ભેળસેળ...

હોટલ-રેસ્ટોરન્ટમાં ચેકિંગ દરમિયાન અખાદ્ય પદાર્થોનો નાશ કરવામાં આવે છે, પરંતુ જવાબદારો સામે કાયદાકીય કાર્યવાહી શું થાય છે તે અંગે તેમણે પ્રશ્ન કર્યો છે.ચેકિંગ દરમિયાન સીલ મારવામાં આવતી હોટલ-રેસ્ટોરન્ટ સામે સીલ બાદ શું કાર્યવાહી થાય છે, નોટિસ આપ્યા પછી કયા પગલાં લેવાય છે તથા ભેળસેળ-નકલી બનાવટના કાયમી ઉકેલ માટે વિભાગ શું કરી રહ્યો છે તેની માહિતી પણ માગવામાં આવી છે.

# કામરેજ સુગરની ચૂંટણીમાં 14 બેઠક માટે 56.26 ટકા મતદાન

**શુક્રવારના** રોજ સવારે ઉમામંગલ હોલ ખાતે મત ગણતરી થશે



કામરેજઃ કામરેજના નવી પારડી ખાતે કાર્યરત કામરેજ સુગરની ચુંટણીમાં ચાર બેઠક બિનહરીફ થતાં 14 બેઠક માટે ગુરુવારે મતદાન કરવામાં આવ્યું હતું. આ ચૂંટણીમાં 56.26 ટકા મતદાન થયું હતું.

કામરેજ વિભાગ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળીની ચૂંટણીમાં ચાર નાના સીમાંત, દિગસ, એરથાણ, મોટા વરાછા બેઠકો બિનહરીફ થઈ હતી. જ્યારે 14 બેઠક માટે વર્તમાન પ્રમુખ અશ્વિન પટેલની સહકાર પેનલ સામે માજી પ્રમુખ નવીનભાઈ પટેલ તેમજ જયેશ પટેલની કિશાન પેનલે પોતાના ઉમેદવારો મેદાન ઉતાર્યા હતા. ગુરુવારે સવારે 9 કલાકથી સાંજે 5 કલાક સુધી સુરત શહેર તેમજ જિલ્લાના છ તાલુકામાં 25 મતદાન મથકમાં સભાસદો દ્વારા 31 ઉમેદવાર માટે મતદાન કરવામાં આવ્યું હતું. મતદારો ભારે ઉત્સાહ પણ જોવા મળ્યો હતો. 14 બેઠક માટે કુલ 56.26 ટકા મતદાન થયું હતું. ઉમેદવારોનુ ભાવિ મત પેટીમાં સીલ થયું હતું. ઉમેદવારો પાતોની જીતનો દાવો પણ કરવામાં આવ્યો છે. ત્યારે સૌથી વધુ ચર્ચાસ્પદ બેઠકોમાં કામરેજ બેઠક, પીપોદરા બેઠક પર સૌ મતદારોની નજર છે.

### પીપોદરા ઝોનમાં 65.55 ટકા મતદાન

હથોડાઃ કામરેજ સુગરમાં પીપોદરા ઝોનની ચૂંટણી પાલોદની સરકારી શાળામાં સવારે 8થી સાંજના 5 વાગ્યા સુધી પોલીસ બંદોબસ્ત હેઠળ ચૂંટણી યોજાઈ હતી, જેમાં 65.55 ટકા મતદાન થયું હતું. આ ચૂંટણીમાં ભાટકોલના દિગ્ગજ ગણાતા નેતા અફઝલખાન હબીબખાન પઠાણ અને પીપોદરાના જયેશ ધનસુખભાઈ પટેલ વચ્ચે કાંટાની ટક્કર જામી હતી. અંત સુધી બંને ઉમેદવારે જીતના સરખા દાવા કર્યા છે.

### કયા ઝોનમાં કેટલું મતદાન

| ઝોન | મતદાર | મતદાન | ટકા |
|---|---|---|---|
| ઘલા | 2146 | 1272 | 59.27 |
| કઠોર | 1853 | 1039 | 56.07 |
| વાવ | 2116 | 1141 | 53.92 |
| કામરેજ | 2040 | 1210 | 54.98 |
| જોખા | 1911 | 1038 | 54.32 |
| ઓલપાડ | 2690 | 1814 | 67.43 |
| સાંધીએર | 2349 | 1561 | 66.45 |
| કુડસદ | 2482 | 1659 | 66.84 |
| બૌધાન | 4634 | 3294 | 71.08 |
| લીંબાડા | 3823 | 1721 | 45.02 |
| પીંપોદરા | 3344 | 2192 | 65.55 |

### ડુંગરાના સભાસદે 101 વર્ષની ઉંમરે મતદાન કર્યું



કામરેજ સુગરની ચૂંટણીમાં સવારથી શરૂ થયેલા મતદાન માટે મતાદરો ઊમટ્યા હતા જેમાં કામરેજ બેઠક પરના ડુંગરા ગામના સભાસદ રવજીભાઈ મોરારભાઈ આહિરે 101 વર્ષની ઉંમરે મતદાન કરી પોતાનો મતધિકારનો ઉપયોગ કર્યો હતો.

## અનુસંધાન... પાના પહેલાનું

### અમેરિકી ધાર્મિક...

ધાર્મિક લઘુમતિઓ પર હુમલા કર્યા છે. હવે આરએસએસના નેતા મોહન ભાગવત અમેરિકાની મુલાકાત લેવાની યોજના બનાવી રહ્યા છે. એક એડવોકસી જૂથ 'હિન્દુઝ ફોર હ્યુમન રાઈટ્સ'એ પણ જણાવ્યું કે ભાગવતની મુલાકાતને મુસ્લિમો અને ખ્રિસ્તીઓ સામેના આરએસએસ નેટવર્કની હિંસાથી અલગ કરી શકાય નહીં. આ જૂથે એક્સ પર એક પોસ્ટમાં જણાવ્યું, એકતાની ઉજવણી ધાર્મિક સર્વોપરિતાની રાજનીતિને છુપાવી શકતી નથી.

### પાકિસ્તાનમાં ચીન...

ઉદ્યોગના કર્મચારીઓએ સંઘર્ષ દરમિયાન પાકિસ્તાનને તકનીકી મદદ પૂરી પાડી હતી. દરમિયાન, તુર્કી પણ ખાસ કરીને ડ્રોન, નૌકાદળ પ્રણાલી અને એરોસ્પેસ ટેક્નોલોજી ક્ષેત્રે ઈસ્લામાબાદ માટે એક મહત્વપૂર્ણ સંરક્ષણ ભાગીદાર તરીકે ઉભરી આવ્યું છે. આ મહિનાની શરૂઆતમાં, તુર્કી અને પાકિસ્તાને ફાઈટર-એરક્રાફ્ટના વિકાસમાં તેમનો સહયોગ વધુ ગાઢ બનાવવા તરફ પગલાં લીધા હતા.

### શીખ વિરોધી...

તેમના અંતિમ સંસ્કાર શુક્રવારે અહીં થશે. તેમની માનસિક સ્થિતિ ઠીક ન હોવાથી કુમારને તિહાર જેલમાંથી સવારે 11 વાગ્યાની સફદરજંગ હોસ્પિટલમાં પોલીસ દ્વારા લાવવામાં આવ્યા હતા. હોસ્પિટલે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, "... તેમને તાત્કાલિક દાખલ કરવામાં આવ્યા હતા અને બચાવવાના કોશિશ કરવામાં આવી હતી." નિવેદનમાં કહેવાયું છે કે, "તમામ જરૂરી તબીબી અને જીવન-રક્ષક ઉપાયો પૂરા પાડવા છતાં તેમને બચાવી શકાયા ન હતા અને બપોરે 12:30 વાગ્યે તેમનું નિધન થયું હતું." નિવેદનમાં વધુમાં ઉમેરાયું છે કે, "તેઓ હાઈ બ્લડ પ્રેશર અને પાર્કિન્સન્સ રોગના જાણીતા દર્દી હતા અને ભૂતકાળમાં તેમને અગાઉ પણ અનેક વખત હોસ્પિટલમાં દાખલ કરવાનો ઈતિહાસ હતો.

### અમેરિકાનું રાષ્ટ્રીય...

ઓછો વ્યાજ દર મળવો જોઈએ. ટ્રમ્પે જણાવ્યું હતું કે, ઓછા વ્યાજ દરથી સરકારને વિપુલ પ્રમાણમાં નાણાંની બચત થઈ શકે છે. યુએસ ફેડરલ રિઝર્વ પર પ્રહારો કરતા, અમેરિકી પ્રમુખે ફેડના અધિકારીઓ પર રાજકીય હેતુઓ હોવાનો આરોપ લગાવ્યો હતો. જો કે, ટ્રમ્પે કહ્યું કે ફેડના ચેરમેન કેવિન વોર્શ, જેમને તેમણે આ વર્ષની શરૂઆતમાં ફેડના આ ટોચના પદ માટે નિયુક્ત કર્યા હતા, તેઓ "ખૂબ સારું કામ" કરી રહ્યા છે. જો અમેરિકા ઓછા દરે નાણાં ઉધાર લઈ શકે, તો તેનું વાર્ષિક વ્યાજ બિલ તીવ્રપણે ઘટી જશે. આનાથી અન્ય સરકારી ખર્ચ માટે નાણાં મુક્ત થઈ શકે છે અને ફેડરલ બજેટ પરનું દબાણ હળવું કરવામાં મદદ મળી શકે છે. પરંતુ તેમાં એક અડચણ છે. અમેરિકા પોતે ટ્રેઝરી યીલ્ડ નક્કી કરતું નથી; રોકાણકારો કરે છે. જ્યારે રોકાણકારો લાંબા ગાળાના યુએસ સરકારી બોન્ડ ધરાવવા માટે વધુ વ્યાજની માંગ કરે છે, ત્યારે અમેરિકાનો ખર્ચ વધે છે.

### ઇરાન સામે વ્યાપક...

સપડાયેલો છે. ટ્રમ્પે અમેરિકાની આ નવી આર્થિક કાર્યવાહીને 'ઇકોનોમિક ડી-ડે' ગણાવી છે. તેમણે અન્ય દેશોને પણ ઈરાનની મદદ બંધ કરવા અને અમેરિકા સાથે આ અભિયાનમાં જોડાવા માટે અપીલ કરી છે. ટ્રમ્પે 'ટ્રુથ સોશિયલ' પર પોસ્ટ કરીને ઈરાન સામે સૌથી મોટી આર્થિક કાર્યવાહી કરવાની જાહેરાત કરી હતી. અમેરિકાની આ નવી કાર્યવાહીની સૌથી મોટી અસર ઈરાનના તેલના વેપાર અને નાણાકીય વ્યવહારો પર પડી શકે છે. ઈરાનની કમાણીનો મોટો હિસ્સો તેલના વેચાણમાંથી આવે છે. હાલ ઈરાન તેલ વેચે છે, પરંતુ વચેટિયાઓ અને છૂપા નેટવર્ક વડે કારભાર ચાલે છે. નાણા મેળવવા માટે બેંકિંગ ચેનલો, કરન્સી એક્સચેન્જ, દલાલો અને કેશ ટ્રાન્સફર જેવા રસ્તાઓનો ઉપયોગ કરવામાં આવે છે.

### ટ્રમ્પની ધમકી ઇરાને હસી કાઢી

ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC)ના વરિષ્ઠ અધિકારી બ્રિગેડિયર જનરલ રઝા નકદીએ જણાવ્યું કે, અમેરિકી પ્રમુખની વાતો કરતાં વધુ ભરોસો કોઈ ટેક્સી ડ્રાઇવરની વાત પર કરી શકાય છે. નકદીએ ઉમેર્યું કે પ્રમુખ ટ્રમ્પની વિચારણા બાળબુદ્ધિ જેવી છે અને તેઓ લાંબા ગાળાનું વિચારી શકતા નથી. તેમના બદલાતા નિવેદનોથી અમેરિકાની વૈશ્વિક છબી પર અસર પડી છે.

# સુરત સ્ટેશને 1 ફૂડ સ્ટોલ સામે કાર્યવાહી

**પશ્ચિમ** રેલવેના સ્ટેશનો પર 999 ફાસ્ટ ફૂડ સેમ્પલ તપાસાયાં, 98% ફિટ

સુરતઃ પશ્ચિમ રેલવેનાં સ્ટેશનો, રેલવે પરિસરો અને હોસ્પિટલોમાં મુસાફરો તથા કર્મચારીઓને મળતા ખોરાક અને પીવાના પાણીની ગુણવત્તા પર સતત નજર રાખવામાં આવી રહી છે. એપ્રિલ-2026થી અત્યાર સુધીમાં રેલવે દ્વારા ખાદ્ય પદાર્થોના 999 સેમ્પલની તપાસ કરવામાં આવી છે, જેમાંથી આશરે 98% સેમ્પલ નિયત ધોરણો મુજબ યોગ્ય મળી આવ્યાં છે. ક્વોલિટી કંટ્રોલ પ્રોગ્રામ હેઠળ ચકાસાયેલા 642 સેમ્પલમાંથી 626 ફિટ સાબિત થયાં છે. રાજકોટ, ભાવનગર અને જગજીવન રામ હોસ્પિટલમાં FSSA અને ક્વોલિટી કંટ્રોલ બંનેની સેમ્પલિંગમાં 100% ફિટનેસ નોંધાઈ છે. તાજેતરમાં જ સુરત અને ઉધનામાં કુલ 40 કેટરિંગ સ્ટોલ્સનું ડીપ ક્લીનિંગ કરાયું હતું, જેમાં સુરત સ્ટેશનનાં 1 ફૂડ સ્ટોલ સામે કાર્યવાહી પણ કરવામાં આવી છે.